April 2019

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

Year 13 • Issue 06 / 146 • Mumbai • Page 12 • Price Rs. 2/- • RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણી દરમ્યાન **તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ NSCI Worli Dom માં ''ઈન્ડસ્ટ્રીયલ ટ્રેડફેર''નું આયોજન છે.** આપણી સંસ્થાના નેજા હેઠળ છેલ્લા થોડા વર્ષોમાં ત્રણ ટ્રેડફેર થઈ ગયા. દરેક ટ્રેડફેરના અનુભવે આપણે ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજના સૌના Growth (વિકાસ) માટે અસરકારક રીતે વધુ સારુ તેમજ સચોટ કાર્ય કરવાની દ્રષ્ટિ કેળવી છે. **સમાજના જરૂરિયાતમંદ પરિવારોને અનાજ, મેડિકલ કે આર્થિક સહાય આપીએ એટલું જ પર્યાપ્ત નથી પણ એમની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવા કદમ ઉઠાવવાની જરૂરત જણાય છે. સંસ્થાના કેટલાક બુદ્ધીજીવીઓ, ઉદ્યોગપતિઓ ડોનરો તેમજ સક્રિય કાર્યકરો સાથે છેલ્લા થોડા વખતમાં બે મિટીંગ યોજાઈ.** વિચાર વિમર્શના અંતે સૌ સહમત થયા કે શૈક્ષણિક ક્ષેત્રે વધુ ધ્યાન આપવાની જરૂર છે, સમાજના સભ્યો ઉચ્ચ શિક્ષણ મેળવે તેમજ સ્પેશિયલાઈઝ કોર્સ કરે તો તેમને જરૂરી બધી મદદ કરવી. આ સિવાય સમાજના સભ્યોની ગૃહઉદ્યોગ, નાના-મોટા ધંધાઓ તેમજ નોકરી વિગેરે માહિતી આપતી Yellow Page Book Publish કરવી.

સમાજના જે સભ્યો નોકરી / ધંધા તેમજ સર્વીસ આપતા હોય જેમકે Part Time Accounting, મહેંદી મુકી આપવી, Family Investmentની consultancy તથા અનેક નાના મોટા ગૃહ ઉદ્યોગ Professional activityની માહિતી અને સંપર્ક કરવા મોબાઈલ નંબર, એડ્રેસ વિગેરે તેમાંથી મળી રહે અને ***P for P* એટલે કે પટ્ટણી ફોર પટ્ટણીની** ભાવનાથી આપણા સમાજનાજ લોકોને સમાજની requirment માંથી કામ મળી રહે.

**તા. ૧૫-૦૯-૨૦૧૯ના દિવસે યોજાનાર આ ''ઈન્ડસ્ટ્રીયલ - ટ્રેડફેર''માં અગાઉની જેમ સમાજના દરેક વર્ગના ભિન્ન - ભિન્ન વ્યવસાય કરતા સભ્યો ભાગ લેશેજ.** તદ્ઉપરાંત આ વખતે સમાજના નાના મોટા ઉદ્યોગપતિઓને તેમજ Enterpreneurs ને પણ આવરી લેવાનું આયોજન છે. તેમના ઉદ્યોગોમાં જરૂરી નાની-મોટી વસ્તુઓ તેમજ સર્વીસીઝ આપણા સમાજનાજ સભ્યો Provide કરી શકતા હોય તો એમને પ્રથમ લાભ આપી ધંધો વિકસાવી શકાય.

દાનવીરો અને કાર્યકરો એકજ માળાના મણકા છે, એકબીજા વગર કાર્ય સિદ્ધિ સંભવેજ નહીં. ઉપર્યુક્ત આયોજન અંગે પ્રાથમિક ચર્ચા કરવા તેમજ આ પ્રસંગ સુંદર રીતે સંપન્ન કરવા તા. ૨૦-૦૪-૨૦૧૯ શનિવારે સાંજે મંડળના હોલમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૫૦ સક્રિય સભ્યોએ ભાગ લીધો હતો અને 'ઈન્ડસ્ટ્રીયલ ટ્રેડફેર'' માટે સ્ટોલ બુકીંગ, એડવરટાઈઝમેન્ટ પ્લાનીંગ, બિઝનેશ ડિરેક્ટરી વિગેરે કમિટીઓના ગઠન તેમજ કન્વીનર માટેની ચર્ચા કરી નામો નોંધ્યા હતા. હાજર ન રહી શકેલ સભ્યોમાંથી પણ જેમને આ આયોજનમાં સક્રિયરીતે સામેલ થવું હોય તેઓ મંડળના ઈ-મેઈલ ઉપર પોતાનું નામ તેમજ મોબાઈલ નંબર મોકલી આપે. આપણે પણ **આપણા સમાજને ''સબકા સાથ સબકા વિકાસ'' સુત્રને અનુસરી સૌના સાથથી સમૃદ્ધિની ટોચ પર લઈ જવો છે.**

તા. ૨૧-૦૪-૨૦૧૯ના રવિવારે સમાજના જરૂરિયાતમંદ પરિવારો માટે ભાયંદર, તપોવન વિદ્યાલય ખાતે એક સેમિનારનું આયોજન વસઈથી બોરીવલીના આમંત્રીત સભ્યો માટે રાખવામાં આવેલ. જેમાં મંડળના હોદ્દેદારો શતાબ્દી ઉજવણી વર્ષમાં મેડિકલ સહાયમાં તેમજ ખાસ કરીને હાયર એજ્યુકેશન તેમજ સ્કીલ ડેવલોપમેન્ટના કોર્સ વિગેરે માટે અપાનાર વિશેષ મદદ અંગે જે તે સમિતિના હોદ્દેદારોએ માહિતી આપેલ. ખાસ કરીને મેડિક્લેઈમ પોલસી અંગે આપણા સમાજના સૌ આ પોલીસીમાં આવરી લેવાય તે હેતુથી **આ ક્ષેત્રના નિષ્ણાંતશ્રી રથીનભાઈ વારૈયાએ મેડિક્લેઈમ પોલીસી અંગે માહિતી આપી સભ્યોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા.** હું આશા રાખું છું કે ભાયંદર-મીરારોડ-વસઈ મિત્રમંડળના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમ ઉપર્યુક્ત વિસ્તારમાં વસતા આપણા સભ્યોનું મનોબળ વધારવા જરૂર ઉપયોગી થઈ પડશે.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**



## ઉજ્જૈન-મોહનખેડા-ભોપાવર-માંડવગઢ-ઈન્દોર દિવ્યાંગ યાત્રા પ્રવાસ અહેવાલ

ભાભાના પાડાના શ્રીમતી ભદ્રાબેન ચંદ્રકાંતભાઈ અમૃતલાલ પટ્ટણી પરિવારે સુપુત્ર ચિ. ચિરાગની સ્મૃતિમાં ''દિશા''ના બાળકોને પોતાના જ બાળકો ગણી સમેત શીખરજી, ગીરનારજી, ઉદયપુર, કેસરિયાજી, કચ્છ, ભદ્રેશ્વર જેવી ચાર વખત પંચ તીર્થ યાત્રા કરાવી હતી. તેમના તરફથી આ પાંચમી યાત્રા હતી.

ઉજ્જૈનથી ચાલુ થયેલ શ્રી અવંતિકા પાર્શ્વનાથ જ્યાં કલ્યાણ મંદિર સુત્રની રચના થઈ હતી. એક સુંદર તીર્થ છે. મણિભદ્ર વીરનું જ્યાં સ્થાનક છે, **સિદ્ધચક્ર - કેશરીયાનાથજી ખારાકુવાનું દેરાસર જ્યાં શ્રીપાળ-મયણાએ નવપદ ઓળીની આરાધના કરી હતી. ત્યાંથી અલૌકિક પાર્શ્વનાથની સ્પર્શના કરી અને મોહનખેડા પહોંચ્યા હતા.** સાચા શાશ્વતા ઊભા - કાઉસગીયા શાંતિનાથ દાદા જ્યાં સ્થિત છે તે ભોપાવર તીર્થ ખરેખર અદ્દભૂત છે. ત્યાંથી અમીઝરા - ધાર તથા ભક્તામર સૂત્રની રચના થઈ તે ભક્તામર તીર્થ. ત્યાંથી પ્રયાણ માંડવગઢ તરફ થયું. જ્યાં સુપાર્શ્વનાથદાદા તથા અતિ પ્રાચિન નિલવર્ણા પાર્શ્વનાથ દાદા બિરાજમાન છે. ત્યારબાદ જ્યાં રાણી પદમાવતીનો વારસો સચવાયો છે તે મહેલ અને હવામહેલ વગેરે સ્થળોની મુલાકાત યાદગાર રહી. અને ત્યારબાદ નાના અને મોટા બધાને મઝા પડે તેવી **D.J. સાથેની મ્યુઝિક - ડાન્સ પાર્ટીમાં** બધા મહાલ્યા હતા.

છેલ્લા દિવસે ઈન્દોર તરફ રવાના થયા હતા જ્યાં હીંકાર તીર્થની સ્પર્શના થઈ હતી. શ્રી પાટણ જૈન મંડળની દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ તરફથી દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

દાતા પરિવાર તથા આવેલા મહેમાનો તરફથી સંઘપૂજન તથા બાળકોને સુંદર ઉપહાર આપવામાં આવેલા.

અદ્દ્ભુત આયોજન માટે **''દિશા પરિવાર''** શ્રી પીનાકીનભાઈ અને શ્રીમતી સોનાલીબેનનો આભારી છે. સદાય સાથે રહી માર્ગદર્શન આપવા માટે સમિતિ શ્રી જે.કે. શાહની હંમેશા ઋણી છે.

❑ **દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ**

## વિવિધ સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ-૨૦૧૯થી માર્ચ - ૨૦૨૦ના વર્ષ માટે મંડળમાંથી આર્થિકસહાય, ભાડા સહાય, વૃદ્ધજન સહાય અને મહિલા ઉત્કર્ષ સહાયના અરજીપત્રકો આપવાનું શરૂ થઈ ગયેલ છે. જે અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે ૧૦ જૂન, ૨૦૧૯ સુધીમાં ભરીને નીચે મુજબના સરનામે મોકલી આપવાના રહેશે. દરેક 'સર્વે ફોર્મ' અરજી પત્રક સાથે ભરીને આપવું જરૂરી છે.

આ અરજીપત્રકો સમયસર ભરાઈને આવેથી નવા વર્ષની મંજુર થયેલ સહાય તમારા બૅન્ક ખાતામાં ECSની સુવિધાથી ટ્રાન્સફર કરવામાં આવશે.

સહાય લેનારનું (૧) બૅન્ક ઓફ બરોડા (૨) પાટણ કો.ઓ.બૅન્ક લિ. અને (૩) ગ્રેટર બૅન્ક, આ ત્રણ બૅન્કમાંથી કોઈપણ એક બૅન્કમાં ખાતું હોવું ફરજિયાત છે. અરજીપત્રક સાથે એક કેન્સલ ચેક ફરજિયાત મોકલવાનો રહેશે.

નોંધ : અધૂરી વિગતોવાળું અરજીપત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

### અરજીપત્રક મેળવવાના સ્થળો

(૧) **શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

(૨) **શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮

(૩) **શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.
ફોન : ૨૮૭૭૬૦૯૦

(૪) **શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેરી, પાટણ - ૩૮૪૨૬૫.
ફોન : (૦૨૭૬૬)૨૨૦૭૧૫

(૫) **શ્રી નિલેશ કાન્તિલાલ શાહ :** પટ્ટણી એજન્સી, ૧-૨-૩, જયશ્રી એપાર્ટમેન્ટ, કસ્તુરી ગાર્ડન કોમ્પલેક્ષની સામે, ભાયંદર (વે). ફોન : ૨૮૦૪૭૭૩૭ મો. ૯૩૨૧૧૫૦૧૬૦

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## તંત્રી સ્થાનેથી...

# એક ડગલુ મુક્તિ તરફ...!

**વૈશાખ માસની સુદ ત્રીજ એટલે કે અખાત્રીજ આ દિવસે સમાજના તપસ્વીઓ દ્વારા વરસી તપના પારણા કરવામાં આવે છે.**

વરસી તપનું મહત્વ જૈન ધર્મમાં ખૂબજ રહેલું છે. આમ તો વરસીતપનો પ્રારંભ ફાગણ વદ ૮ થી થાય અને બીજા વર્ષના વૈશાખ સુદ - ૩ (અક્ષય તૃતિયા) ના ૪૦૦ દિવસ પુર્ણ થતાં તેનું ઉજવણું થાય. આ દિને શ્રી ઋષભદેવ ભગવાનના જન્મ અને દીક્ષા કલ્યાણકની ઉજવણી થાય છે.

**પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ પરમાત્માએ દીક્ષા લીધી ત્યારબાદ કોઈ લાભાંતરાય કર્મના ઉદયના પરિણામે તેમને સાધુઓને ખપે તેવી નિર્દોષ ગોચરીથી વંચિત રહેવું પડ્યું.** તે કાળમાં સાધુ મહાત્માને ગોચરીમાં શું વહોરાવવું તેની કોઈને સમજ ના હતી જેને પરિણામે ભગવાન જેમના દ્વારે ગોચરી માટે જાય તેઓ ઘરેણા, હીરા, મોતી, કન્યા, પશુ અથવા ફળ, શાકભાજી, કંદમૂળ, શીત પીણા, જેવી સચીત વસ્તુઓ આગળ ધરતા અને તેનો ખપ ન જાણી ભગવાન ત્યાંથી વિહાર કરી જતા. આમ ને આમ કરતા ૪૦૦ દિવસનો સમય પસાર થઈ જવા પામ્યો અને અખાત્રીજના દિને ભગવાન હસ્તીનાપુર શહેરની ગલીઓમાં વિહાર કરી રહ્યા હતા. તે દ્રશ્ય તેમના પૌત્ર શ્રેયાંષકુમારને તેમના મહેલમાંથી દ્રષ્ટિગોચર થયું અને તેઓ વિચારે ચડ્યા આવો વેશપરિધાન મેં ક્યાંક જોયો છે અને ત્યાંજ તેઓને જાતિ સ્મરણ જ્ઞાન થતાં પરમાત્માને પોતાના દ્વારે આવી ગોચરી વહોરાવવા વિનંતી કરી.

જોગાનુજોગ તે જ દિવસે કોઈ વેપારી ૧૦૮ ઘડા ઈક્ષુ રસના તેમને આપી ગયેલ, જે ગોચરી તરીકે વહોરાવી શકાશે તેમ જાણી શુદ્ધ ગોચરી પ્રાપ્ત થતાં પ્રભુએ બે હાથોનું સંપુટ કર્યું, અને એક પછી એક કરતા ૧૦૮ ઘડા શ્રી શ્રેયાંસકુમાર દ્વારા વહોરાવવામાં આવ્યા તે દરમ્યાન એક પણ ટીપુ નીચે ના પડે તેવી ચમત્કારિક શક્તિ (પાણીપતનગ્રાહી લબ્ધી) હતી. આમ ૪૦૦ દિવસના ઉપવાસના પારણા થયા અને ગગનભેદી જયકાર થયો.

આજે પણ આ તીર્થભૂમિ પર અનેક તપસ્વીઓ જ્યાં પ્રભુએ વરસી તપનું પારણુ કરેલ ત્યાં પારણા કરવા આવે છે.

**આજના કાળમાં તો ૧૮૦થી અધિક ઉપવાસ કરવાનું શાસ્ત્રોમાં ફરમાન નથી. જેના કારણે વરસીતપમાં એકાંતરે ઉપવાસ અને બિયાસણા કરી ૪૦૦ દિવસનું તપ આદરવામાં આવે છે.**

જૈન સમાજના આ ઝળહળતા વરસીતપ પર્વનું મહત્વ અન્ય સમાજને પણ સમજાય તેવા ઉદ્દેશથી જ ભારતભરમાં કેટલાંક સ્થળોએ સામુહિક પારણાઓનું મોટા પાયે આયોજન થાય છે. આજના આ અવસરે આગામી અખાત્રીજના આપણા સમાજમાંથી પણ કેટલાંક તપસ્વીઓએ આ તપસ્યા આદરી હશે અને તે દિવસે પારણું કરશે તેઓ સર્વેને સુખ શાતા પૂછતા ગર્વ અનુભવાય છે.

પૂર્વ ભવમાં એક ખેડૂત બળદને મારતો હતો તે નિહાળી બળદ પ્રત્યે દયા ભાવ લાવી અને ખેડૂતના મારથી બચાવવા માટે બળદ અનાજ ખાઈ ન જાય માટે તેના મોઢે શીકુ બાંધવાનું પ્રભુએ ખેડૂતને જણાવેલ અને તે મુજબ ખેડુતે કર્યુ પણ ખરું. પણ જ્યારે ઘાસ નાખ્યું ત્યારે બળદના મુખેથી શીકુ ખોલવું ભુલી જવાયું જે અંતરાયના પરિણામે પ્રભુને આ ભવમાં ૪૦૦ દિવસ પર્યંત આહારથી અળગા રહેવું પડ્યું. આના પરથી આપણે પણ સમજવું જોઈએ કે જાણતા કે અજાણતા કરેલા કર્મો તીર્થંકર પરમાત્માને પણ છોડતા નથી અને ભોગવવા જ પડે છે. તો આપણી તો શી વિસાત! આપણા આચરણથી કોઈકના મદદગાર બની કદાચ સગવડ ન આપી શકીએ, પણ નડતર બની અગવડરૂપ તો ના જ બનવું જોઈએ.

પરમાત્માના વરસી તપના પારણા અવસરે જેમ સર્વે દેવી દેવતાઓએ ગગનમાંથી પુષ્પ વૃષ્ટિ કરી શ્રેયાંસકુમારનો ભવ ઉજાળ્યો તદ્નુસાર સને ૧૯૧૨માં પાટણ જૈન સમાજના સર્વાંગી વિકાસાર્થે સ્થપાયેલ આપણી માતૃ સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ પણ તેના સમાજલક્ષી કાર્યોની વણથંભી વણઝારની શતાબ્દી પૂર્ણ કરી ભવ્ય શતાબ્દીની ઉજવણી કરી રહી છે. આ અવસરે સમાજના અતિ જરૂરિયાતમંદ પરિવારોને તેમની જરૂરિયાત અનુસારની સંપૂર્ણ આર્થિક સહાય કરી તેમનું ઓછામાં ઓછા ૪૦૦ દિવસનું આંશિક દુઃખ હરી લેવાનું સંસ્થાએ બીડુ ઝડપ્યું છે. આવા પરિવારોની વિડંબણાઓનો કાયમી ઉકેલ લાવવા તેમજ સમાજ વિકાસ અને ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓ અસ્ખલિત વહેતી રહે તે માટે **સંસ્થાની શતાબ્દી ઉજવણી પ્રસંગે રૂા. પાંચ લાખના ૧૦૦ દાતાઓ શતાબ્દી ફંડમાં સહયોગ આપે તેવી ટહેલ સંસ્થાના સંચાલકો તરફથી કરવામાં આવેલ. અત્યાર સુધી ૩૦ દાતાઓએ રૂા. પાંચ લાખનું દાન ત્રણ વર્ષની અંદર સંસ્થાને આપવાનું સ્વૈચ્છિક રીતે સ્વીકારી સકારાત્મક પ્રતિસાદ આપેલ છે. (જેની નામાવલી પાના નં. ૯ ઉપર છે)** સંસ્થાની પ્રથમ શતાબ્દી ઉજવણીએ સમાજના સાધર્મિક પ્રેમી અન્ય દાતાઓ પણ આ યાદીમાં સામેલ થઈ શતાબ્દી ઉજવણીને સાચા અર્થમાં ઐતિહાસિક બનાવે એજ અભ્યર્થના..

❑ સંપાદક સમિતિ


**અકાઉન્ટન્ટની જરૂરત છે**

**શ્રી પાટણ જૈન મંડળના મુખ્ય કાર્યાલયમાં**

**Computer - Tellyના જાણકાર**

**Accountantની તાત્કાલિક જરૂર છે.**

**સંપર્ક કરો એડમિનિસ્ટ્રેશન સેક્રેટરી**

**શ્રી અશ્વીનભાઈ શાહ મો. 9322229411**

**શ્રી શૈલેષભાઈ શાહ મો. 9821023693**

# તપશ્ચર્યાની મોસમ અને તપનો મહિમા

તપ શબ્દથી કોણ ભારતીય અપરિચિત હશે ? ''कर्माणां तापनाम् तपः।'' એક વખત આવીને પાછુ ન ચાલી જાય તેવા અવ્યાબાધ સુખ પ્રાપ્તિ મોક્ષ હેતુ તપ કરવનો છે. દુઃખના નિવારણ માટે તપ નથી, ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમ માટે તપશ્ચર્યા ઉત્તમ સાધન છે.

શાસ્ત્રમાં તપને બાર પ્રકારે વર્ણવ્યો છે. છ બાહ્યતપ અને છ અભ્યંતર તપ તેના પ્રકારો છે. માસક્ષમણ, અઠ્ઠાઈ, અઠ્ઠમ, ઉપવાસ વગેરે કરાય તે બાહ્યતપ છે, આ બાહ્યતપ જ અભ્યંતર તપમાં સહાયક બને છે.

અન્ય દર્શનમાં કહેવાય છે કે ભૂખે ભજન ન થાય, મન શુદ્ધ રાખો તે જ તપ છે. સંસારી આત્માઓ ધનપ્રાપ્તિ માટે કડકડતી થંડી, મુશળધાર વર્ષા, આગ વરસતી ગરમી સહન કરે છે, પરંતુ સંપત્તી મળતાં બધુ જ કષ્ટ ભુલાઈ જાય છે. આવી જ રીતે ભવભ્રમણથી છુટવા સંસારસુખોથી વિરક્ત આત્માને તપમાં મોક્ષરૂપી મીઠાશમાં હંમેશા આનંદની વૃદ્ધિ જ થાય છે. ધર્મ આરાધનાની ગતિમાં પ્રગતિ થાય છે. પરંતુ વિશિષ્ટ જ્ઞાન યુક્ત ધર્મની સમજ ન હોય તો તપ સાથે કરવાની ક્રિયામાં શુષ્કતા આવે છે. અને અશ્રદ્ધા થઈ જાય છે. તપનું ફળ આ ભવમાં જ મળતું નથી, તેથી નિરાશા-હતાશા થઈ આવે છે.

તપશ્ચર્યાની આરાધનામાં તો સ્વેચ્છાએ કષ્ટ સહન કરવાનું હોય છે, શરીર કૃશ થઈ જાય પરંતુ સાચુ જ્ઞાન હોવાથી તપસ્વીનો આંતરીક આનંદ અનેરો હોય છે. જેમકે ચંપા શ્રાવીકાના છ માસના ઉપવાસે અકબર બાદશાહ જેવા ભયંકર હિંસક ને પણ અહિંસક બનાવ્યો હતો. બાદશાહે ચંપાશ્રાવીકાના આનંદની મહાનતા જોઈને આવી તપશ્ચર્યાના ચરણે ઝૂકી પડ્યા હતા.

જેમ જેમ તપમાં તપસ્વી આગળ વધે છે તેમ તેમ સાંસારિક પ્રવૃત્તિઓ છુટતી જાય છે. ક્રોધ-માન-માયા-લોભ કષાયો ઘટતા જાય છે. જિનઆજ્ઞા પાલનનો રસ વધવા લાગે છે. અને અંઘ પડેલા આનંદનો ઝરો ઉભરાવા લાગે છે. આ જ તપશ્ચર્યાનો સાચો પ્રભાવ છે.

બળદ વગેરે પશુના દુઃખની જેમ અશાતાવેદનીયના રૂપ દુઃખને તોડવા તપ કરવો, આ યુક્તિ તપની પાછળનો આશય નથી. આવા અપેક્ષાયુક્ત તપથી ક્યારેક આર્તધ્યાન થઈ જાય છે. મારા તપની કોઈ કદર કરતું નથી. પારણુ ક્યારે આવશે ? મારું શરીર નબળુ પડ્યું છે તો કોઈ સેવા કરતું નથી જેવું દુર્ધ્યાન થઈ જાય છે. તો ક્યારેક તપનો ગર્વ થઈ આવે છે.

સાચા અર્થમાં તો દુઃખ તોડવા નહીં પરંતુ આત્માબાધ સુખ રૂપ આનંદ પ્રાપ્તિ માટે તપ કરવાનો છે. આ બાબતનું તપસ્વીને વિશિષ્ટ જ્ઞાન હોવું જોઈએ. પૂજ્યશ્રી હરિભદ્રસૂરી કહે છે.

''विशिष्टज्ञान -संवेगशम सारमत स्तपः।
क्षयोपशतिकं ज्ञेयमव्याबाधसुखात्मकम् ।।

વળી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે, તપશ્ચર્યામાં અંતરંગ આનંદની ધારા અખંડિત રહે છે. તેનો નાશ થતો નથી માટે તપશ્ચર્યા માત્ર કષ્ટરૂપ નથી. ભૂખ્યા રહેલા પશુના હૃદયમાં આનંદની ધારા વહેતી હોતી નથી. તપશ્ચર્યાની સાધનામાં તો સ્વેચ્છાએ કષ્ટ સહન કરવાનું હોય છે તેથી અંતરંગ આનંદ ઉછળતો રહે છે.

આ વાત સમજી ન શકનાર અન્ય દર્શની તપને માત્ર દુઃખરૂપ જુએ છે. તેઓ તપસ્વીના સુકાયેલા શરીરના બાહ્યસ્વરૂપને જુએ છે અને વિચારે છે કે તપસ્વીના દારીદ્રતા, શારિરીક કે સાંસારિક દુઃખો કેમ દૂર થતાં નથી ? અને તપની ઘૃણા કરે છે, જ્યારે જૈન દર્શની આત્મવાદી વીરતાપૂર્વક આંતરીક આનંદ મેળવવા તપ કરે છે અને સાથે સાથે જિનઆજ્ઞાનું પાલન ઉત્સાહપૂર્વક કરે છે. તેના ફળસ્વરૂપે બ્રહ્મચર્યનું પાલન થાય છે. ધર્મ ક્રિયાઓ સામાયિક - પ્રતિક્રમણ જિનપૂજા જેવી તમામ ધર્મક્રિયાઓમાં શ્રદ્ધા અને ભક્તિ વધતા જાય છે. કષાયો ઘટવા લાગે છે. હૃદયનો ઉલ્લાસ ધર્મ ક્રિયાઓમાં વધતો જઈ છે. સંસાર ભ્રમણમાંથી છુટી શકાય છે. એ આવું ફળ ન મળતું દેખાય તો સમજવું કે તપસ્વી સાચો તપનો મહીમાં સમજ્યા વગર જ તપ તપે છે. માત્ર ભૌતિક સુખની પ્રગતિ માટે શરીરને તપાવવાથી કોઈ ફાયદો નથી. ભવોભવ જિનચરણનું શરણ મળે અને ભવભ્રમણ ટળે તે જ તપનો મુખ્ય આશય છે.

સવારના કરતા પ્રતિક્રમણમાં જે તપચિંતવણીનો કાઉસગ્ગ કરવાનો હોય છે તેમાં વિચારવાનું હોય છે કે આજે મારા વિશિષ્ટ કર્તવ્યોમાં આ તપ બાધક તો નહીં બને ને ? યથાશક્તિ જ તપ કરવાનો


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ •**

ADVT

જિનેશ્વરનો આદેશ છે, માટે સ્વાધ્યાય નહીં થાય. જિનપૂજા નહીં થાય, વ્યાખ્યાનવાણી નહીં સંભળાય, પ્રતિક્રમણ નહીં થાય. મારાથી બિમારની સેવા નહીં થાય તો નહીં જ ચાલે, માટે શક્તિથી ક્ષિણ થઈ જવાય અને તેથી આરાધના હણાઈ જાય-શુદ્ધ આચારો ને ક્ષતિ પહોંચે તે તો ન જ ચાલે. જરા સરખો પણ ક્રોધ આવી જાય કે ગર્વ થઈ આવે તો તપ નિષ્ફળ જાય છે. માટે શક્તિ મુજબ જ તપ કરવો જોઈએ. આવો જ્ઞાનગર્ભીત તપ અભ્યંતરતપને પોષી શકે છે. સાવધાનીના નામે પ્રમાદ પોષાઈ ન જાય તેનું પણ ધ્યાન રાખવાનું છે.

વિષયનું લંબાણ ન થઈ જાય એ હેતુથી બાર પ્રકારે તપ જ્ઞાનીગુરુ પાસેથી સમજી લેવા વિનંતી. તમામ તપસ્વીઓની ભાવભરી વંદના અને ભૂરી ભૂરી અનુમોદના.

❑ **શ્રીમતી આશાબેન મિતિનભાઈ શાહ**

## પાટણ જૈન વિદ્યાર્થીઓ જોગ

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - અંધેરી શાખામાં માફી વિદ્યાર્થી યોજના અનુસાર દાતાશ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરીની** એક માફી વિદ્યાર્થી સીટ આ વર્ષે ખાલી થવા પામેલ છે, તો સમાજના જે કોઈ વિદ્યાર્થી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી અભ્યાસાર્થે દાખલ થવા ઈચ્છતા હોય તેઓએ શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી (વિલેપાર્લા) મો. ૯૮૨૦૦૮૮૯૯૭ સંપર્ક કરવો.

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - કન્યા છાત્રાલય પૂના** ખાતે રહીને ધો. ૧૦ થી ઉપર અભ્યાસ કરવા ઈચ્છુક કન્યા - વિદ્યાર્થીનીને નિઃશુલ્ક પ્રવેશ આપવાની યોજના અનુસાર **દાતાશ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહની માફી** વિદ્યાર્થી સીટ માટે સંસ્થાની શરતો મુજબ લાભ લેવા ઈચ્છુક બહેનોએ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ - ૨૨૮૧૭૫૫૯ સંપર્ક કરવો.

**નોંધઃ** તા. ૩૦-૦૬-૨૦૧૯ સુધીમાં સમાજના સભ્યોમાંથી કોઈ અરજદાર નહીં આવે તો અન્ય જૈન સમાજના પરિવારને આ સીટ ફાળવવામાં આવશે.

## શતાબ્દી વર્ષ ચાલે રે

**રાગઃ સુનો સીમંધર સ્વામી રે...**

સુણો પાટણ જૈન મંડળ રે, શતાબ્દી વર્ષ ચાલે રે,
ઉજવણી કરીએ ઉમંગથી
પંચાસરા પાર્શ્વની જય જય બોલીએ ઉમંગથી...
શેઠીયાઓ જાગ્યા રે, મંડળ સ્થાપ્યા રે,
વાડી, બંગલાની ભેટ રૂડી આપતાં...
બોર્ડીંગ બનાવી રે, વિદ્યાર્થીઓ આવતાં રે,
ભણવાની હોંશ પુરી કરતાં...
કોલેજો બંધાવો રે, ઉદ્‌ઘાટન કરાવો રે,
દાતાઓને માન પત્રકો રૂડા આપતાં રે...
આનંદ મંગળ વરતાવો રે...
૧૦૫ વર્ષની સાલ રે, કમિટિના કામ રે,
સ્ટાફ ભાઈઓનો સાથ રે,
શાસનમાં ડંકા બજાવતાં રે...
બોલો પંચાસરા પાર્શ્વ રે, શંખેશ્વરા પાર્શ્વ રે
જોગીવાડાને કેમ ભુલીએ....
સમાજના સાથ સથવારે રે, મંડળની પ્રગતિ થાય રે,
કમિટિ હરખાય રે, દાદા આદિની જય જય બોલીએ....

❑ **શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ (૯૧ વર્ષ)**

**૦ વટ અને પ્રભાવમાં ફરક છે, હોદ્દાનો વટ પડે છે જ્યારે ચારિત્ર્યનો પ્રભાવ પડે છે. વટ કરતા પ્રભાવનું આયુષ્ય લાંબુ હોય છે. હોદ્દાથી નિવૃત્ત થાવ ત્યારે વટ ખતમ થાય છે, પણ પ્રભાવ ખતમ થતો નથી.**


DREAM UNI ABROAD EDUCATION CONSULTANCY
LIM COLLEGE
LIM'S SUMMER FASHION PROGRAM


PROGRAM DATES
Session 1: Sunday, June 9, 2019 – Saturday, June 29, 2019
Session 2: Sunday, July 7, 2019 – Saturday, July 27, 2019
Session 3:Sunday, July 28, 2019 – Saturday, August 17, 2019
Spend your summer exploring NYC and fashion
Visit USA on B1-B2 visa!
Meet with Industry Expert Counselor: Ms. Jyoti Shah Doshi
Call: 9920398885 | dreamuni4me@gmail.com | www.dreamuni.in
Ground Floor Shankar Darshan, Evershine Nagar,Behind Movie Time Theatre, Malad West
ADVT

## ''કદર દાની''

આકાશના ટમટમતા તારલાઓની વચ્ચે શનિવારનો ચંદ્રમાં આછા અજવાળા ધરતી ઉપર પાથરી રહ્યો હતો. તેવા સમયે મ્યુનિસિપાલિટીની બત્તીના ઝાંખા પ્રકાશ નીચે દાદર સ્ટેશનની બહાર ૪ થી ૫ ટેક્ષીવાળા સાથે મળી વાતો કરતા હતા. મેં તેઓને પૂછ્યું ''ભાઈસાબ તાડદેવ ચલોગે ?''

પણ તેઓ તેમની વાતોમાં એટલા બધા મશગુલ હતા કે કોઈએ હા કે ના નો જવાબ આપવાની તકલીફ પણ ના લીધી. પછી થોડેક આગળ રસ્તા ઉપર ઊભેલા ટેક્ષી ડ્રાઈવરને પૂછ્યું ''મોટાભાઈ તાડદેવ ચલોગે ?''

તે પણ મોબાઈલના વોટ્સએપ જોવામાં તલ્લીન હતો કે થોડીવાર પછી પાનની પીચકારી મારી ના પાડી રાતના ૧૦.૩૦ થયા હતા તેથી હું અને મારી પત્ની મુંઝાયા શું કરવું. વિચારતા હતા ત્યાં તો એક યુવાન ટેક્ષી ડ્રાઈવર આવ્યો અને હાથમાંથી બેગ લઈ કહેવા લાગ્યો ''ચલો મૈં છોડ દેતા હું, આપ યહા હી ખડા રહો મૈં યહા ગાડી લેકર આતા હું.'' કહી બેગ લઈ ચાલતો થયો અમો બન્નેને ચિંતા થઈ અને ઝડપથી તેની પાછળ ચાલતા થયા, અને તેની ટેક્ષીમાં બેસી ગયા. અમો બન્ને વાતો કરતા હતા અને યુવાન ટેક્ષી ડ્રાઈવરે નવા ફિલ્મી ગીતોનો સ્ટીરીઓ ખુબ જ મોટા અવાજે લગાડ્યો હતો. જે કાનમાં હથોડાની જેમ વાગતો હતો. તેથી મેં કહ્યું ''બેટા અવાજ થોડા ધીમા કરો તો બડી મહેરબાની'' ત્યાં તો તેને જુના ગીતો એકદમ ધીમા અવાજે મુક્યા. તાડદેવ આવતા મે કહ્યું કે, આગે સિગ્નલસે રાઈટ મેં ટર્ન લેના. તો બોલ્યો ફિકર મત કરો મુઝે માલુમ હૈ. કહી મારા બિલ્ડીંગમાં આવી ગયો અને મીટર ફેરવી મારી બેગ ઝડપથી લિફ્ટ પાસે મુકી આવ્યો. મને થયું જરૂરથી મીટર કરતા વધારે પૈસા માંગશે. ખેર હું આપી દઈશ કારણ અમારી તકલીફ કાઢી આપી છે તેથી મે તને રૂા. ૫૦૦/-ની નોટ હાથમાં આપી કહ્યું આપકો જો લેના હૈ વો લેલો. પણ તે હાથ જોડી પગે પડી બોલ્યો.

''સુરેશબાઈ-મમ્મી તમે મને ન ઓળખ્યો હું પ્રદિપ તમારા બિલ્ડીંગનો એક વખતનો લિફ્ટમેન હતો ત્યારે તમો અને મમ્મી મને અવારનવાર ખાવાનું આપતા તેમજ તમારા દીકરાના કપડા પહેરવા આપતા એટલુંજ નહીં પણ ક્યારેક પૈસા - બોલપેન અને નોટબુક પણ આપતા. તમારા આપેલા ખોરકનો મીઠો ઓડકાર અને કપડાની સુગંધ આજે મારા શરીરમાંથી આવે છે. તે કશું જ પણ મારાથી નહીં ભુલાય. તમને લાગતું હશે હું તમને ભુલી ગયો છું અને તમારાથી દૂર ગયો છું પણ અવારનવાર તમોને યાદ કરું છું. માટે એક પણ શબ્દ ના બોલતા અને પૈસા પાકિટમાં મુકી દો.

તમારા વાક્યો મને બરોબર યાદ છે, બેટા બધા દિવસો સરખા નથી જતા. રાત પછી દિવસ ગ્રિષ્મ પછી વર્ષા અને દુઃખ પછી સુખ આવે છે. માટે જરાપણ ચિંતા ના કર દુઃખના વાદળો જરૂરથી જતાં રહેશે અને તું જરૂરથી આગળ વધી જઈશ. તમારા આશીર્વાદથી હું આજે મોટી કંપનીમાં ડ્રાઈવર તરીકે કામ કરું છું. અને સારો પગાર સાથે બધી જ સગવડો મળે છે અને શનિવાર - રવિવારની રજા મળે છે તેથી રાતના સમયે બે કલાક ટેક્ષી ચલાવી પૈસાની બચત કરું છું. માટે તમો મારો નંબર અને એડ્રસ લખી લો તમારે જ્યારે પણ જરૂર પડે ત્યારે મને ફોન કરશો હું આવી જઈશ. આજે ઈશ્વરે મને અનમોલ રત્ન જેવી બે આંખ આપી છે. આનંદની બંસરી બજાવી શકું એવું મુખ આપ્યું છે. પૈસાથી ન ખરીદી શકું એવી સારી તંદુરસ્તી આપી છે રહેવા માટે ઘર છે. પ્રેમ અને મને સમજી શકે એવી કહ્યાગરી અને કર્તવ્યનિષ્ઠ પત્ની


માર્ચ-૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત**

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

| | |
|---|---|
| Resource Enginech (I) P. Ltd. | ૧૧,૦૦,૦૦૦ |
| હ. શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરીલાલ શાહ (મલ્લાતનો પાડો) | |
| શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનક સંઘ (ચીંચ પોકલી) | ૨,૦૦,૦૦૦ |
| શ્રી રાકેશભાઈ નરેન્દ્રભાઈ શાહ | ૧,૫૦,૦૦૦ |
| જે.કે. ફાઉન્ડેશન (જે.કે. શાહ) | ૮૧,૦૦૦ |
| શ્રીમતી પુષ્પાબેન પ્રતાપચંદ શાહ (હ. તૃષાલીબેન શૌરીનભાઈ) | ૫૧,૦૦૦ |
| શ્રી ચોપાટી જૈન સંઘ (ચોપાટી) | ૪૦,૦૦૦ |
| શ્રીમતી મીનાબેન વિક્રમભાઈ વકીલ | ૩૫,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી નિરૂપમાબેન પી. શાહ - અમદાવાદ | ૩૧,૦૦૦ |
| મે. એચ. નરેશ એન્ડ કું. } હ. નરેશભાઈ નેમચંદ શાહ | ૨૭,૫૦૦ |
| મે. એન. એન. શાહ એન્ડ કું. } | ૨૭,૫૦૦ |
| શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ, મુંબઈ | ૨૭,૦૦૦ |
| શ્રી ભાવિન જિતેન્દ્રભાઈ શાહ, ગીરગાંવ | ૨૫,૦૦૦ |
| શ્રી નવપલ્લવ હેપ્પીહોમ શ્વે. મુ. જૈન સંઘ, બોરીવલી(વે) | ૨૫,૦૦૦ |
| શ્રી અક્ષયભાઈ નવીનચંદ્ર જેશીંગલાલ શાહ, મુંબઈ | ૨૫,૦૦૦ |
| શ્રીમતી સરસ્વતીબેન મહાસુખલાલ નંદરબારવાલા | ૨૨,૦૦૦ |
| હ. શ્રીમતી રમીલાબેન | |
| શ્રી અર્જુન પ્રતિક શાહ, ઓમ વિરલ શાહ (ઝવેરી વાડો) | ૨૨,૦૦૦ |
| શ્રી ફોર્ટ તપગચ્છ મૂ.પૂ.શ્વે. જૈન સંઘ | ૨૧,૦૦૦ |
| શ્રીમતી સ્મીતાબેન સુરેશભાઈ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ - અંધેરી (ઈ) | ૧૫,૦૦૦ |
| શ્રી વિલેપાર્લા શ્વે. મું. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ-પાર્લા (વે) | ૧૫,૦૦૦ |
| ઝવેરી મહાજન મોતીનો ધરમનો કાટો | ૧૫,૦૦૦ |
| શ્રીમતી ભગવતીબેન સેવંતીલાલ નંદરબારવાલા | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પુષ્પાબેન મહાસુખલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી શાંતિ ફાઉન્ડેશન | ૧૧,૦૦૦ |
| શ્રી મેઘાબેન શાહ (સરોજીની રોડ- પાર્લા) | ૧૧,૦૦૦ |
| શ્રી કૌશલભાઈ અનીલભાઈ શાહ - કુંભારીયા પાડો | ૧૦,૦૦૦ |
| શ્રી વિરભાઈ શાહ | ૧૦,૦૦૦ |
| શ્રીમતી સરસ્વતીબેન ચિમનલાલ શાહ | ૧૦,૦૦૦ |
| શ્રી કિરણબેન શાહ | ૧૦,૦૦૦ |
| શ્રી હરનીકભાઈ રમણલાલ શાહ | ૧૦,૦૦૦ |
| શ્રી પ્રજ્ઞેશભાઈ પી. ગાંધી | ૧૦,૫૦૦ |
| શ્રી કીર્તિલાલ મણીલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી કીર્તિલાલ મણીલાલ શાહ શ્રી રિદ્ધી સિદ્ધિ આદર્શ શ્વે. જૈન સંઘ | ૧૧,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

આપી છે. હસતા રમતા કિલ્લોલ કરતા બે બાળકો આપ્યા છે. આવો પ્રેમ કરી શકું એવો પરિવાર અને મિત્રો મને આપ્યા છે. આનાથી અધિક મારે શું જોઈએ.. ?

બેટા હું આ ટેક્ષીના મીટરના પૈસા નથી આપતો પણ આ હું તારા છોકરાઓ માટે આપું છું. ના રહેવા દો હું મારા બાળકો અને પત્નીને લઈને એક દિવસ તમારા ઘરે આવીશ ત્યારે આપજો, પણ આજે કશું જ પણ નહીં. બસ હવે કશુ જ પણ ના બોલશો. મારે ટેક્ષી પાછી આપવાનો સમય ૧૧ વાગ્યાનો છે તો હું જઉ છું. અમુક માણસોના વ્યક્તિત્વ સરકારી પરબીડીયા જેવા પીળા હોય છે, કે જે આપણે તરત જ ફેંકી દઈએ છીએ ત્યારે અમુક માણસોના વ્યક્તિત્વ દિવાળીના કાર્ડ જેવા સુંદર અને સોહામણા હોય છે, તે સંઘરી રાખવાનું મન થાય. એવો પ્રદિપ જરાપણ વજનનો અનુભવ ન કરાવે તેવો સ્વજન જેવો લાગ્યો અને મીઠા સ્મરણો સાથે ભારે હૈયે અમો છૂટા પડ્યા. ત્યારે હું મનોમન બોલી ઉઠ્યો માયાળુ શબ્દો અને સદ્કાર્યો ક્યારે પણ નકામા જતાં નથી. તે છૂટા છવાયા વેરાયેલા બી ની જેમ ઉગી નીકળે છે. અને હંમેશ માટે તેની ''કદરદાની'' યાદ રહી ગઈ.

❑ **શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી**

## TOO OFTEN...

Too often we don't realize
What we have, until it is gone,
Too often we wait too late to say
"I am sorry…. I was wrong."
Sometimes it seems we hurt the ones
we hold dearest to our hearts;
and we allow foolish things
to tear our lives apart.
Too often we let unimportant things
Into our mind and
then it's too late to see
What made us blind.
…. So let us be sure that
we let people know
how much they mean to us…!
Let us take that time to say
the words before our time is through.
Let us be sure that
we appreciate everything we have got…!
Let us be thankful for the
little things that mean a lot …!
However, we can never thank God enough
for showering endless blessings
on all of us…!!

❑ **Urvi Narendra Jhaveri**

## ચાલને ....જીવી લઈએ.।

રાતરાણી ની મીઠી મધમધતી સુગંધ સાથે
ચાંદની રાત વિદાય થઈ
અને
ઉષાની લાલિમા સાથે
ભમરાના ગુંજન સાથે
પંખીઓના કલરવ સાથે
સૂર્યદેવે પૃથ્વી નામના રંગમંચ પર ઓજસ પાથર્યું
અને એક નવી સવાર રૂપી પડદો ઉઠ્યો
અને જીવન રૂપી નાટક શરૂ થયું.
ચાલ ને યાર... જીવી લઈએ.

એક તું અને એક હું
ખબર નથી કોનો કયો રોલ છે,
ખબર નથી કયા સમયે થશે રોલ પૂરો આપણો
તેથી જ જે મળ્યો, એ રોલ ને નિભાવી લઈએ
જે મળ્યું, જેવું મળ્યું, ચાલ ને યાર... જીવી લઈએ.

કોણ નિભાવે છે ખબર નથી
કોણ સજાવે છે ખબર નથી
ફરી ક્યાં અને ક્યારે મળશે આ પળ
માટે..જ ..જિંદગી ની દરેક ક્ષણને માણી લઈએ
જે મળ્યું, જેવું મળ્યું, ચાલ ને યાર... જીવી લઈએ.

જિંદગી છે બે ચાર પળની
બે ક્ષણ તું આનંદમાં રે, બે ક્ષણ હું માણી લઉ
બાકી સુખ દુઃખ ની સવારી તો
મૃત્યુ સુધી સાથે જ રહેશે, મુક ને બધી મગજમારી
જે મળ્યું, જેવું મળ્યું, ચાલ ને યાર... જીવી લઈએ.

આમ તો જિંદગીમાં ઘણા બોજ છે
છતાં સુખની સતત ખોજ છે
બાકી કામ તો રોજ છે
પણ સમજી લે જે તું, જીવન એક મૌજ છે
એટલે રોજની ચિંતા ભૂલી જઈએ..
જે મળ્યું, જેવું મળ્યું, ચાલ ને યાર... જીવી લઈએ.

❑ **શ્રીમતી શીતલબેન ભાવેશભાઈ શાહ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan,
(North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

# શ્રી પાટણ જૈન મંડળ
## સમાજના પરિવારોનું સર્વેક્ષણ ફોર્મ

શ્રી પાટણ જૈન મંડળ તેની તેની ભવ્ય શતાબ્દી ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે પૈકી ૧૫ સપ્ટેમ્બરના **"ઈન્ડસ્ટ્રીયલ ટ્રેડફેર" તથા ૨૪ નવેમ્બરના શતાબ્દી ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ NSCI Dome, Worli, Mumbai ખાતે યોજેલ છે,** જેમાં સમાજના સર્વે પરિવારો સહભાગી થઈ શકે તેવો અભિગમ રાખવામાં આવેલ છે.

સમાજના ૭માં વસ્તી પત્રકમાં લગભગ ૮ વર્ષથી અધિક સમય થઈ ગયેલ હોઈ, તેમાના મોબાઈલ નંબર તથા ઈમેલ જેવી અગત્યની માહિતીઓમાં ફેરફારો થઈ જવા પામેલ છે, તેમજ કેટલાક પરિવારોના પ્રત્યેક સદસ્યો દ્વારા પોતાના મોબાઈલ નંબર કે ઈમેલની જાણકારી આપવામાં આવેલ નથી, જેના પરિણામે સર્વેનો સંપર્ક સાધવો મુશ્કેલ બને છે.

સંસ્થાના આ બન્ને કાર્યક્રમની તમામ વિગતો સૌને સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય તેવા શુભ આશયથી નીચે મુજબનું સર્વેક્ષણ ફોર્મ પ્રકાશિત કરવામાં આવે છે, જે વહેલામાં વહેલી તકે સંપૂર્ણ વિગતો સહ ભરી સંસ્થાના નીચે મુજબના ત્રણેય કાર્યાલયો પૈકી કોઈપણ એક ખાતે મોકલાવી રજિસ્ટ્રેશન કરાવવા નમ્ર વિનંતી છે. આ ઉપરાંત મંડળના મોબાઈલ નં. ૮૭૭૯૧૬૧૨૦૯ ઉપર વોટ્સએપ અથવા Email: patanmandal@gmail.com ઉપર પણ મોકલાવી શકાય છે.

**મુખ્ય કાર્યાલય :-** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઇવ, મુંબઇ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧ ૧૩૪૬ સમય: સવારે ૧૧ થી સાંજે ૬

**શાખા કાર્યાલય :-** રૂપમ, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ (વેસ્ટ), મુંબઇ-૬૨. ફોન:૨૮૭૭ ૬૦૯૦
સમય: સવારે ૯.૩૦થી ૧૨.૩૦ બપોરે ૪થી ૭

**શાખા કાર્યાલય :-** એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઇસ્ટ), મુંબઇ-૬૮. ફોન : ૨૮૯૧ ૧૩૦૮
સમય: સવારે ૯.૩૦થી ૧૨.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦

**ખાસ નોંધ:** ઉપર જણાવ્યા અનુસાર રજિસ્ટર્ડ થયેલ પરિવારોને જ આ કાર્યક્રમોમાં સહભાગી થવાનો લાભ મળી શકશે.

**વિશેષ નોંધ:** આપની માહિતીના આધારે પ્રાપ્ત થયેલ મોબાઈલ નંબરનું એક જુદુ, વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવશે જેમાં કાયમી રહેવા ખાસ આગ્રહભરી વિનંતી છે. આ માહિતી સંસ્થા પુરતી મર્યાદિત રહેશે.

**આપની માહિતી Google Formમાં પણ ભરી શકો છો. જેની લિન્ક નીચે મુજબ છે.**

https://forms.gle/hZGcwSqVyDUge5H18

## SHREE PATAN JAIN MANDAL
### FAMILY VERIFICATION DETAILS FORM

**Family ID No. ..................**
(આપને ત્યાં આવતા પ્રતિબિંબના એડ્રેસ સ્ટિકર ઉપર પ્રથમ લાઈનમાં આવેલ નંબર એટલે ફેમિલી આઈ.ડી. નંબર)

**Head Of Family** ........................................................................ **Mohalla** ....................................

(First Name) (Second Name) (Third Name) (Surname)

| Family Members Details | Mobile No. | Email ID |
|---|---|---|
| 1. ...................................................... | ................................. | ................................................ |
| 2. ...................................................... | ................................. | ................................................ |
| 3. ...................................................... | ................................. | ................................................ |
| 4. ...................................................... | ................................. | ................................................ |
| 5. ...................................................... | ................................. | ................................................ |
| 6. ...................................................... | ................................. | ................................................ |

**Residence Address**

....................................................................................................................................

....................................................................................................................................

**Date:-** **Signature:-**

# Appeal by Shree Patan Jain Mandal

**Shree Patan Jain Mandal** has been blessed to have Enthusiastic Donors who have ensured that the Corpus balance of Shree Patan Jain Mandal keeps on swelling, in spite of rapidly increasing amounts of reliefs provided for much needed **Educational, Medical & Sadharmik Sahay.** This policy has paid Dividends to Patan Samaj by lifting the families out of their **Need Mode to Self Reliant to even Donation Mode.**

It is a Happy Sign that **Shree Patan Jain Mandal** is celebrating 106 years of Glorious Service to the Samaj at NSCI Worli where more than 7000 Patanis will be getting together for the **Full Day Celebrations** in appreciation of continuous Seva to **Patan Samaj** and the Nation.

## Save the Date 24-Nov-19, Sunday at NSCI Dome, Worli

Enthusiastic Donors readily appreciated the work done by Shree Patan Jain Mandal & the need for Grand Celebration. They readily endorsed the view to collect **Rs 5 lacs donation from each well-to-do Patani Family.** As there are over 100 families who can easily donate this amount, we have decided on an easy target of **at least 100 Donor families** to join in this Noble Crusade. It is all due to voluntary support of Patani Donors. In this very 1st Meeting, we had 25 Donors who came forward for the **large hearted and spirited Donation spontaneously.**

**THEIR NAMES ARE GIVEN BELOW :**

| Name | Area | Mahollo |
|---|---|---|
| Babu Amichand Panalal Adishwar Jain Temple Trust | Walkeshwar | Sadharmik Fund |
| Babu Amichand Panalal Adishwar Jain Temple Trust | Walkeshwar | Sadharmik Fund |
| Shri Virenderbhai Popatlal Shah | Walkeshwar | Mallatno Pado |
| Savantilal Kantilal Trust | Walkeshwar | Kumbhariya Pado |
| Smt. Subhadraben Ramanlal Popatlal Shah | Walkeshwar | Kumbhariya Pado |
| Shri Keshavlal Kilachand Trust | Walkeshwar | Kumbhariya Pado |
| Babu Harshbhai Narendrakumar Panalal | Walkeshwar | Khajurino Pado |
| Shri Mahendrabhai Popatlal Shah | Walkeshwar | Kumbhariya Pado |
| Shri Mafatlal Chudghar Charitable Trust, | Walkeshwar | Chodhurni Street |
| Shri Vikrambhai Nemchand Shah | Chowpatty | Khetarvasi |
| Smt. Ushaben Jashwantlal Rasiklal Shah | Gow. tank | Mallatno Pado |
| Shri Sanjaybhai Rameshchandra Shah | Gow. tank | Dank Mehtano Pado |
| Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | Gow.Tank | Chitarani Khadki |
| Shri Dineshbhai Shantilal Popatlal Shah | Gamdevi | Pole ni Shri |
| Shri Dineshbhai Shantilal Shah | Marine Drive | Siddhachakra Pole |
| Shri Dipakbhai Revantilal Shah | Marine Drive | Kanasano Pado |
| Shri Tusharbhai Pravinchandra Shah | Marine Drive | Dhandher Wado |
| Shri Pramodbhai Premchand Teliyawala | Marine Drive | Man Mohanjini Sheri |
| Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah | Marine Drive | Khajurino Pado |
| Shri Gunvantlal Manilal Shah | Marine Drive | Bhabhano Pado |
| Shri Kirtilal Balubhai Shah | Marine Drive | Keshusheth no Pado |
| Smt. Hansaben Prafulbhai Zabhlawala | Colaba | Khetarvasi |
| Shri Hemantbhai Kantilal Shah | Vile Parle | Salvi Wado |
| Shri Yashwantbhai Harilal Jhaveri | Vile Parle | Bhramanwado |
| Smt. Bhagvatiben Vinodchandra Matliwala | Vile Parle | Kanasano Pado |
| Shri Kandarpbhai Sevantilal Khandwala | Andheri | Keshusheth no Pado |
| Shri Pradipbhai Lakshmichand Zaveri | Japan | Khetarpalno Pado |

Very soon our PJM Office Bearers / Representatives will call upon you to appraise you of the upcoming **Grand Centenary Celebrations and request you all** for your much desired and welcome Donations. Please join and be a Proud Member of **"PJM Centenary Donation Committee".**

## સાભાર સ્વીકાર

**શતાબ્દી ઉજવણી કોરપસ ફંડ**

૫,૦૦,૦૦૦/- શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંક મહેતાનો પાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ પરિવાર (સાલવી વાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
૧,૦૦,૦૦૦/- વાસુ ભારતી ઝવેરી ટ્રસ્ટ (બ્રાહ્મણવાડો)

**વિદ્યાલય સ્કોલરશીપ સહાય ફંડ**

૫,૦૪,૦૦૦/- શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
૧,૦૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)
૫૦,૦૦૦/- વાસુ ભારતી ઝવેરી ટ્રસ્ટ (બ્રાહ્મણવાડો)

**શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ શાહ કેન્સર થેરેપી મેડિકલ સહાય ફંડ**

૫,૦૦,૦૦૦/- શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૫,૦૦,૦૦૦/- શ્રી જિતેન્દ્રભાઈ રસિકલાલ શાહ (ખેતરપાળનો પાડો) ૭૫ મી વર્ષગાંઠની ખુશાલીમાં
 હ. શ્રી ધનીશભાઈ જિતેન્દ્રભાઈ શાહ
 હ. ડૉ. રમેશભાઈ રસિકલાલ શાહ,
૧,૨૫,૦૦૦/- શ્રી કેશવલાલ કિલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

**દવા સહાય ભેટ**

૨૧,૦૦૦/- શ્રી હર્ષદભાઈ વચ્છરાજભાઈ પારેખ (કલાનિકેતન)

**શિક્ષણ સહાય ભેટ**

૨૦,૦૦૦/- શ્રી કીરીટભાઈ સેવંતીલાલ શાહ (તંબોલીવડો) પૌત્રી ચિ. હૃદય સચીનભાઈ શાહની જન્મદિનની ખુશાલીમાં
૧૦,૦૦૦/- શ્રી શાંતિલાલ મુલચંદભાઈ શાહ (પોળની શેરી) હ. શ્રી ભગુભાઈ પોપટલાલ શાહ પરિવાર (વખતજીની શેરી)

**વૃદ્ધજન સહાય ભેટ**

૧૧,૦૦૦/- શ્રીમતી ચારુબેન તુષારભાઈ શાહ (ઢંઢેરવાડો) સ્વ. શ્રીમતી ઈન્દુબેન જયંતિલાલ શાહના સ્મરણાર્થે

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૬૦૦/- શ્રીમતી શાંતાબેન પી. શાહ

## સંસ્થા સમાચાર

**શ્રી પાટણ જૈન મિત્ર મંડળ મીરા-ભાયંદર વિરારઃ-**

મીરારોડ, ભાયંદર, નાયગાવ, વસઈ, નાલાસોપારા, વિરારમાં વસતા પાટણ સમાજના તમામ ને ખુશખબર કે ટૂંક સમયમાં એક દિવસીય પારિવારિક મિલનનું આયોજન કરવાનું વિચારેલ છે.

આપ સહુ નીચે આપેલ વોટ્સએપ નંબર પર આપનું નામ, મોહલ્લાનું નામ, કેટલા સભ્ય છો તેની વિગત મોકલી આપશો. અમે આપને એક વોટ્સએપ લિન્ક મોકલી આપીશુ જેની પર ફક્ત ક્લીક કરશો જેથી આપ મીરારોડથી વિરાર વોટ્સએપ મેસેજ ગ્રુપમાં સામેલ થઈ જશો જેથી શ્રી પાટણ જૈન મંડળની તેમજ સમાજલક્ષી બીજી અન્ય પ્રવૃત્તિઓની આપને જાણકારી મળી શકશે.

**નિલેશભાઈ કાંતિલાલ શાહઃ વોટ્સએપ નં. 9321150160**
**વધુ વિગત માટેઃ દેવાંગ અશોકભાઈ શાહ - નં. 9987189535**
**દીપભાઈ પંકજભાઈ શાહ - નં. 9870622867**
**નિલેશભાઈ રમેશચંદ્ર શાહ - નં. 9820200523**

**o ભેગા થવું એ શરૂઆત છે, ભેગા રહેવુ તે પ્રગતિ છે, પરંતુ ભેગા મળી કામ કરવું તે સફળતા છે.**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | નિરંજનાબેન દિલીપભાઈ શાહ | ૮૫ | અમદાવાદ | ૧૮-૦૨-૧૯ | મહાસુદ પુનમ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | પુષ્પાબેન પ્રતાપચંદ શાહ | ૮૯ | ગોરેગામ | ૧૬-૦૩-૧૯ | ફાગણ સુદ ૧૦ |
| – | પોળની શેરી | સુશીલાબેન લલિતભાઈ આઝાદ | ૭૮ | સાયન | ૨૦-૦૩-૧૯ | ફાગણ સુદ ૧૪ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | લલિતાબેન ભગવાનદાસ શાહ | ૮૬ | બોરીવલી | ૨૯-૦૩-૧૯ | ફાગણ વદ ૦૯ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | ઈન્દુબેન જયંતિલાલ શાહ | ૮૬ | ગોરેગામ | ૦૧-૦૪-૧૯ | ફાગણ વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | હસમુખભાઈ મણિલાલ શાહ | ૭૯ | ભાયંદર | ૦૩-૦૪-૧૯ | ફાગણ વદ ૧૩ |
| દશા પોરવાળ | કનાસાનો પાડો | ચંપકભાઈ સરૂપચંદ શાહ | ૯૪ | ગોરેગામ | ૧૧-૦૪-૧૯ | ચૈત્ર સુદ ૦૬ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રી વિલેપાર્લા પાટણ જૈન મિત્ર મંડળના સુવર્ણ જયંતિ ઉજવણીનું આખરી નજરાણું





**શ્રી વિલેપાર્લા પાટણ જૈન મિત્રમંડળના સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણીનું આખરી નજરાણું. તા. ૩૧-૦૩-૨૦૧૯ના રવિવારે કિંગસર્કલ, સાયન ખાતે ષણ્મુખાનંદ હોલમાં સંગીત જલસામાં અમીત જાધવના અદભુત મ્યુઝિકલ પ્રોગ્રામનું આયોજન કરેલ,** જેમાં ૨૭૦૦ વ્યક્તિઓ હાજર રહ્યા હતા. તેમજ સંસ્થાના આમંત્રણને માન આપી શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તેમજ ઉપપ્રમુખો અને અન્ય મિત્રમંડળોના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા.

સુવર્ણ જયંતિની ઉજવણી નિમિત્તે પાર્લા મિત્રમંડળે સમાજના દાનવીરો, કર્મવીરો, દીર્ઘ દ્રષ્ટાઓ અને ધર્માનુરાગીઓ આ ૪ પ્રકારના મજબુત સ્તંભરૂપી સભ્યોનું હાર્દિક બહુમાન કરી તેમને પદચિન્હથી નવાજ્યા હતા. આ સર્વેએ દાયકાઓથી પોતાના ક્ષેત્રમાં સમાજને ખૂબ મોટું યોગદાન આપેલ છે,

સ્ટેજ કાર્યક્રમ દરમ્યાન શ્રી વિલેપાર્લા મિત્ર મંડળના પ્રમુખશ્રી જશવંતભાઈ મણિલાલ શાહે સંસ્થા વિશે તેમજ ઉજવણી વર્ષના નીતનવા કાર્યક્રમોની માહિતી આપી. તેમની ટીમ તેમજ મિત્રમંડળોનો સાથ સહકાર આપવા બદલ આભાર માન્યો હતો.

આ પ્રસંગે માનદ્‌મંત્રી શ્રી દાનેશભાઈ માટલીવાળાએ સંસ્થાની પ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો અને આગામી પ્રોજેક્ટ વિશે માહિતી આપી હતી.

શ્રી પાટણ જૈન મંડળ વતી પ્રમુખશ્રી દિનેશભાઈએ તેમના ઉદ્‌બોધનમાં શ્રી વિલેપાર્લા પાટણ જૈન મિત્ર મંડળને સુવર્ણ જયંતિ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપી સંસ્થાને શ્રી પાટણ જૈન મંડળની શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગ શ્રી ભરતભાઈ નેમચંદ શાહે જણાવ્યું કે, ટીમવર્કથી આ સુંદર કાર્યક્રમનું આયોજન થયું છે, તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહે કહ્યું કે, શ્રી વિલેપાર્લા મિત્રમંડળ ભાઈદાસ તેમજ બાજુના સભાગૃહ છોડી ષણ્મુખાનંદ હોલમાં પ્રોગ્રામ કર્યો તે બહુ મોટો વિચાર છે અને પટ્ટણીઓને આમંત્રણ આપ્યુ તે માટે અભિનંદન આપ્યા હતા.

શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહે પણ આ નિમિત્તે ભાવપૂર્વક અભિનંદન આપ્યા. આ કાર્યક્રમ ''મ્યુઝિક જલસા''માં અમીત જાધવ તેના ગીતો તેમજ નૃત્ય બન્ને સાથે એટલે કે ગાવું અને નૃત્ય કરવું એકી સાથે ઘણું અઘરું હોય છે, પણ અમીત જાધવે આધુનિક ટેકનીક, સમય તથા સંગીતના લયબદ્ધ સમન્વયને પરિણામે તે શક્ય બની રહ્યું. તાળીઓના સતત ગડગડાટ અને વન્સમોરના નારાઓથી સભાગૃહ ગુંજતું રહ્યું. આ યાદગાર કાર્યક્રમ પ્રેક્ષકોના હૃદયમાં ચિરંજીવ બની રહેશે.

આ સમગ્ર કાર્યક્રમમાં સૌને આવકારવાથી છેલ્લે આભાર વિધી પર્યંતનું સમગ્ર સંચાલન માનદ્‌મંત્રી શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહે કરેલ હતું.

કાર્યક્રમના અંતમાં સૌ રસ-પુરી અને વિવિધ લહેજતદાર વાનગીઓના ભોજનનો આનંદ લઈ વિખરાયા હતા.

## પાટણનું ગૌરવ



**Miss. Sonia** daughter of Mrs. Ulkaben Kaushikbhai Kantilal Shah, (Dhandher Wado, Mumbai), **has successfully achieved Doctor of Philosophy (Ph.D) from the University of Mumbai,** in the faculty of Arts in the subject of Management Studies on 01/04/2019. Her thesis on study of customer satisfaction among electronic banking and branch banking users – a comparative study of private, public and co-operative banks has been recommended on the basis of her performance in Viva on 01-04-2019. Many Congratulations to her for making Patan proud with her achievement. Best wishes for this important milestone in her life and career. May there be many more to come. We wish her All the Best in her future endeavours.

## અભિનંદન

પાટણ લીમડીના પાડાના શ્રી શિરીષભાઈ જયંતિલાલ શાહની સુપુત્રી **શ્રીમતી પુજા પ્રતિકભાઈ શાહને** નાની ઉંમરના બાળકોને શિક્ષણ સાથે સિવણ, રસોઈ અને સ્વચ્છતા શિખવાડી શૈક્ષણિક ક્ષેત્રે નાવિન્યતા લાવવા બદલ **Growing Buddies Entrepreneur Award 2019થી** સન્માનિત કરવામાં આવ્યા છે. તે બદલ અભિનંદન.

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB • April 2019 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month




## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ

પીપળાશેર, પાટણ. ફોન : ૦૨૭૬૬-૨૨૦૭૧૫

**નૂતનીકરણ થયાપછી આધુનિક સગવડ ધરાવતા વિશેષ આકર્ષણો...**

- સુવિધા ધરાવતી અદ્યતન લિફ્ટ
- પ્રત્યેક બ્લોકમાં LCD ટીવી
- એસી તેમજ નોન એસી બ્લોક
- પ્યુરીફાઈડ વોટર કુલર
- વેસ્ટર્ન ટાઈપ ટોયલેટ
- ગરમપાણીની સુવિધાર્થે સોલાર ગીઝર
- અતિથિગૃહની લગોલગ જૈન ભોજનશાળામાં નવકારશી, બપોરનું ભોજન તથા ચોવીહારની વ્યવસ્થા.
- ધાર્મિક તેમજ લગ્ન પ્રસંગે ગ્રુપ બ્લોક બુકીંગની સગવડ
- મુંબઈમાં સંસ્થાની ઓફિસમાંથી રૂમ બુકીંગ થાય છે.
  સંપર્ક : ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮
- ચેક ઈન ટાઈમ ૯.૩૦ - ચેક આઉટ ટાઈમ ૯.૦૦
- બ્લોક બુકિંગ ચાર માસ અગાઉ કન્ફર્મ કરવામાં આવે છે
- પેન / આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી અનિવાર્ય રહેશે
- વધુમાં વધુ ૧૫ બ્લોકોનું બુકિંગ કરવામાં આવે છે.
- સંજોગોવસાત બ્લોક બુકિંગ રદ્દ કરવાનું થાય તો ૧૫ દિવસ અગાઉ જાણ કરાતા ૫૦ ટકા રકમ રીફંડ આપવામાં આવશે.

**પાટણ પધારો ત્યારે આપણા જ અતિથિગૃહમાં ઉતરવાનો આગ્રહ રાખવો.**

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | PJM | Sun | 15 Sept. | Bhad V 1 | 9 am to 9 pm | NSCI Dom, Worli | Industrial Trade fair |
| 2. | PJM | Sun | 24 Nov. | Kartak V 13 | 9 am to 9 pm | NSCI Dom, Worli | Centenary Celebration |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,